રજુ તારીખ : ૨૫/૦૭/૨૦૧૯

દાખલ તારીખ : ૨૫/૦૭/૨૦૧૯

ફેસલ તારીખ : ૦૭/૦૮/૨૦૨૫

વર્ષ : ૦૬, માસ : ૦૦, દિવસ : ૧૩

सत्यमेव जयते

**21th Additional Chief Judicial Magistrate Court, (Spe. N.I. Court No. 48)**

**Ahmedabad City**

**ફોજદારી કેશ નં.૬૬૪૫૫/૨૦૧૯**

**આંક –**

અંકુર યોગેશભાઈ દરજી,

રહેવાસી: એ/૬૯,જલ્પા સોસાયટી, હરિહર સોસાયટી પાછળ,

નરોડા,અમદાવાદ. ... **ફરિયાદી.**

**વિરૂધ્ધ.**

રતનસિંહ ગોપાલસિંહ સોલંકી,

રહેવાસી: ઈ/૨૯,રાજીવપાર્ક સોસાયટી,

સરદારચોક પાસે,કૃષ્ણનગર,

નવા નરોડા, અમદાવાદ. ... **આરોપી.**

**<u>ગુન્હો :</u> <u>ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ મુજબ.</u>**

ફરીયાદી તરફે વિ.વકીલ શ્રી : પી.પી.ઝાલા

આરોપી તરફે વિ.વકીલ શ્રી : દિપક આર. શ્રીમાળી

---

**:: JUDGMENT ::**

**(૧.૦)** ફરીયાદીની હાલની ફરીયાદની હકીકત એવી છે કે : આ કામના ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે તેઓના પરિવાર સાથે રહે છે તેમજ વેપાર ધંધો કરે છે. આરોપી શ્રી લક્ષ્મી સ્ટીમ પ્રેસ ના નામે ગાજ બટન, પ્રેસ, પેકીંગ શર્ટ પેન્ટ નુ કામ કરે છે. ફરિયાદી અને આરોપી એક બીજાથી પરિચિત હોઈ આ કામના આરોપીને ધંધાના કામે મશીનરી અને સ્પેરપાર્ટ ની ખરીદી કરવા નાણાની જરુરીયાત ઉભી થતા તેઓએ ફરિયાદી પાસે હાથ ઉછીના રુપીયા ૧,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, આરોપી અને તેમના પત્નિ ઈન્દુબેન રતનસિંહ નુ જોઈન્ટ એકાઉન્ટ આવેલ હોય આરોપી ના કહેવા મુજબ ફરીયાદી એ ઈન્દુબેન ના નામે સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા નરોડા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા ના ૧) ચેક નં. ૪૫૨૨૦૯ અને ૨) ચેક નં. ૪૫૨૨૧૦ ના રુપીયા ૫૦,૦૦૦/– ના તા. ૧૮/૧૧ /૨૦૧૭ ના રોજના બે ચેક થી રુપીયા ૧,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપેલા, જે રકમ આરોપી ને મળી ગયેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, ફરીયાદીને ત્યારબાદ નાણાની આવશ્યકતા ઉભી થતા તેઓએ સદર હાથ ઉછીની રકમ ની આરોપી પાસે માંગણી કરતા આરોપી એ બેંક ઓફ ઈન્ડિયા, ન્યુ કલોથ માર્કેટ શાખા ના રૂ.૧,૦૦,૦૦૦/– ના ચેક નં.૦૩૦૪૬૨ તા.૧ ૮/૦૬/૨૦૧૯ ના રોજનો ચેક ઈશ્યુ કરેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, ફરિયાદી એ સદર ચેક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નવા નરોડા શાખામાં તા.૧૮/૦૬/૨૦૧૯ નાં રોજ જમા કરાવતા સદર ચેક આરોપીના ખાતાવાળી બેંન્કમાંથી તા.૧૯/૦૬/૨૦૧૯ ના રોજ એકાઉન્ટમાં પર્યાપ્ત બેલેન્સ ન હોઈ ''**ફંડસ ઈનસફીશીયન્ટ**'' ના રીટર્નમેમા ના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ, આરોપીની સુચના મુજબ ફરી વાર સદર ચેક તા.૨૦/૦૬/૨૦૧૯ ના રોજ ભરતા ફરી આરોપી ના ખાતામાં ભંડોળ ન હોય તેથી ચેક તા. ૨૧/૦૬/૨૦૧૯ ના રોજ '' **ફંડસ ઈનસફીશીયન્ટ**'' ના રીટર્નમેમા ના શેરા સાથે પરત આવેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, એ રીતે ચેક રીટર્ન આવ્યા બાદ ફરીયાદી એ તેમના વકીલ મારફત ધોરણસર ની ડિમાન્ડ નોટીસ રજીસ્ટર એ.ડી.થી પોસ્ટ ના માધ્યમ થી તા. ૦૫/૦૭/૨૦૧૯ ના રોજ આરોપી ને મોકલેલ, જે નોટીસ આરોપીને તા. ૦૬/૦૭/૨૦૧૯ ના રોજ બજી ગયેલ, આમ છતાં આરોપી એ સદર નોટીસ નો કોઈ જવાબ આપેલ નથી કે લેણી રકમ વસુલ આપેલ નથી.

**(૧.૧)** એ રીતે લેણી રકમ સબંધે ચેક આપેલ તે ચેક અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ તે પછી ધોરણસર ડિમાન્ડ નોટીસ આપવા છતાં લેણી રકમ વસુલ નહી

આપી આરોપીએ ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ અન્વયેનો ગુન્હો કરેલો હોવાના આક્ષેપ સાથે ફરીયાદીએ હાલની ફરીયાદ રજુ રાખી આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરવા તથા સજા અને દંડ કરવા તથા વળતર અંગે આદેશ કરવા અરજ કરેલ છે.

**(૨.૦)** ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ તથા સાથે સામેલ દસ્તાવેજી પુરાવા અને ફરીયાદી ના વેરીફીકેશનને ધ્યાને લઈ ગુન્હાનુ કોગ્નીઝન્સ લેવામાં આવેલ અને આરોપી ને પ્રોસેસ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતા આરોપીને કેસ પેપર્સની નકલો આપી, આક્ષેપીત ગુન્હા અંગે તથા ફરીયાદ હકીકત અંગે તેઓની સમજ આપી **આંક–૭** ની વિગતે આરોપીની પ્લી લીધેલ, જેમાં તેમણે ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩.૦)** **ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**<u>મૌખિક પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનુ નામ** |
|---|---|---|
| ૧ | ૪ | ફરીયાદીની સોગંદઉપર સરતપાસ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૮ | નોટીસ ની નકલ રજુ |
| ૨ | ૯ | નોટીસ આર.પી.એ.ડી.કર્યા અંગેની સ્લીપ |
| ૩ | ૧૦ | ફરિયાદીની બેંક ખાતાની પાસબુકની નકલ |
| ૪ | ૧૧ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેક નં.૪૫૨૨૦૯ તથા ચેક નં.૪૫૨૨૧૦ ની નકલ |
| ૫ | ૧૨ | ફરિયાદીના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં આવેલ ખાતાના સ્ટેટમેન્ટની નકલ |
| ૬ | ૧૩ | વાદગ્રસ્ત ચેક નં.૦૩૦૪૬૨ |
| ૭ | ૧૪ | ફરિયાદીની બેંકમાંથી આપવામાં આવેલ ચેક રીટર્ન અંગેનો મેમો |
| ૮ | ૧૫ | નોટીસ મળ્યા અંગેની ઓનલાઈન ટ્રેક રીપોર્ટ |

**(૩.૧)** નામદાર સર્વોચ્ચ અદાલતે 'ઈન્ડીયન બેંક એસોશીયેશન એન્ડ અધર્સ વિ. યુનીયન ઓફ ઈન્ડીયા (Writ petition no- 18/2013)' ના ચુકાદામાં પ્રસ્તાપીત કરેલ ગાઈડલાઈન્સ મુજબ આ કામે કોગ્નીઝન્સ લઈ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે,

આ સંજોગોમાં ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો સબંધે ઉલટતપાસ કરવા માંગતા હોય તો તે માટે આરોપીએ રજુઆત કરવી જોઈએ પરંતુ આરોપીએ આવી કોઈ રજુઆત કરેલ નથી, આરોપીની હાજરી માટે તેઓ પાસેથી જામીન લેવામાં આવેલ છે તેમ છતાં પ્લી રેકર્ડ થયા બાદ તેઓ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીએ રજુ કરેલ પુરાવા સબંધે આરોપી ફરીયાદીની કોઈ ઉલટતપાસ કરવા માંગતા નથી તેવુ માની ફરીયાદીની ઉલટતપાસનો આરોપીનો હકક બંધ કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ છે.

(૪.૦) ફરીયાદીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ રજુ થયેલ પુરાવા સબંધે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોય તેથી આરોપી ફરીયાદીએ રજુ કરેલ પુરાવા સબંધે કોઈ ખુલાસો કરવા માંગતા નથી તે બાબતની નોંધ વિશેષ નિવેદન લગત કરવામાં આવેલ છે.

(૫.૦) ફરીયાદીના વિ. વકીલશ્રી હાજર છે, તેઓની મૌખીક દલીલ સાંભળેલ છે જે મુખ્યત્વે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો તથા રજુ થયેલ પુરાવા પર આધારીત છે. આરોપી તરફે કોઈ હાજર નથી તેથી આરોપી તરફે કોઈ દલીલ નથી તે બાબતની નોંધ કરવામાં આવેલ છે અને કામ હુકમ માટે હાથ પર લીધેલ છે.

(૬.૦) કેસની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**:: મુદાઓ ::**

૧. શું ફરીયાદી વ્યાજબિ શંકાથી પર સાબીત કરે છે કે, આરોપી એ તેમના ધંધાના કામે ફરીયાદી પાસે થી જે રુપીયા ૧,૦૦,૦૦૦/– હાથ ઉછીના ચેક થી મેળવેલ તે જવાબદારી સંદર્ભે આરોપી એ બેંક ઓફ ઈન્ડિયા, ન્યુ કલોથ માર્કેટ શાખા નો રૂા.૧ ,૦૦,૦૦૦/– નો ચેક નં.૦૩૦૪૬૨, તા.૧૮/૦૬/૨૦૧૯ ના રોજનો ચેક ઈશ્યુ કરેલ, જે વસુલાત અર્થે પ્રસ્તુત કરતા આરોપી ના ખાતામાં પુરતુ ભંડોળ ન હોય તેથી ''**ફંડસ ઈનસફીશીયન્ટ**'' ના રીટર્નમંમાના શેરા સાથે પરત આવેલ, આ પછી સમય મર્યાદામાં ધોરણસરની ડિમાન્ડ નોટીસ આરોપીને રજીસ્ટર એડી પોસ્ટના માધ્યમથી મોકલવા છતાં આરોપીએ લેણી રકમ વસુલ નહી આપી **ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ – ૧૩૮ મુજબનો** ગુન્હો કરેલ છે ?

૨.　શું હુકમ ?

**(૬.૧)　ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

૧.　હકારમાં,

૨.　આખરી હુકમ મુજબ.

**(૭.૦)　ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.**

**:: કા ર ણો ::**

**મુદા નં. ૧ :–**

**(૭.૧)** ક્રિમીનલ જ્યુરીસ્પૃડન્સના સિધ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર છે, ફરીયાદપક્ષ જયાં સુધી આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો વ્યાજબી શંકાઓથી પર પુરવાર ન કરે ત્યાં સુધી એવુ અનુમાન કરવાનુ રહે છે કે આરોપી નિર્દોષ છે. આ કામે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ મુજબના ગુન્હાનો આક્ષેપ છે.આ પ્રકારનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે પણ સાબીતીનો પ્રાથમીક બોજો ફરીયાદી પર જ છે.પરંતુ કાયદાની કલમ– ૧૩૯ માં કેટલીક બાબતો સબંધે અનુમાન કરવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે, જે અમુક અંશે ફરીયાદી ઉપર રહેલ સાબીતીના બોજને ઘટાડે છે. તેથી ઉપલબ્ધ પુરાવાને મુલ્યાંકનમાં લેતા પહેલા કલમ– ૧૩૯ ની જોગવાઈ તથા તે અન્વયે થનાર અનુમાન કયાં સુધી વિસ્તરે છે તે સમજવા માટે આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે '**Rangappa v. Sri Mohan (2010 (11) SCC 441)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે '**કાયદેસર વસુલ થઈ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સબંધે પણ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાનુ રહે છે.**' આ સબંધે નામદાર કોર્ટે ચુકાદામાં નીચે મુજબ નોંધેલ છે.

> The presumption mandated by section 139 includes a presumption that **there exists a legally enforceable debt or liability.** This is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defense wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the respondent complainant

(૭.૨) નામદાર સર્વોચ્ચ અદાલતે '**Bir Singh v. Mukesh Kumar, Reported in-2019 (4) SCC 197**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબકકે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે કાયદાની જોગવાઈ તથા અનેક ચુકાદાઓ ધ્યાને લીધા બાદ ઠરાવેલ છે કે ચેકમાં રહેલ સહી આરોપીની હોવાનુ તથા તે રીટર્ન થયાનુ પુરવાર કરવામાં આવે તે પછી કલમ– ૧૩૯ મુજબ ચેક 'દેવુ અગર જવાબદારી અદા કરવાના બદલામાં ઈશ્યુ કરવામાં આવેલ હતો' તેવુ ધારકની ફેવરમાં અનુમાન કરવાનુ રહે છે અને સાબીતીનો ભાર આરોપી પર ખસે છે. આ સબંધે પેરા– ૩૭ માં નામદાર કોર્ટે નીચે મુજબ નોંધેલ છે.

> A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Section 20, 87 and 139, makes it amply clear that **a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption** that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that **the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

(૭.૩) '**M. S. Narayana Menon Alias Mani v. State of Kerala and Anr. (2006 (6) SCC 39)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબકકે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે કલમ– ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે આરોપી એ જાતે પુરાવો આપવો આવશ્યક નથી, ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આરોપી આધાર રાખી શકે છે. એ હકીકત છે કે આરોપી એ માત્ર સંભવીતતાની શકયતા (**pre-ponderance of probabilities**) દર્શાવવાની રહે છે તેમજ તેના માટે આરોપી ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આધાર રાખી શકે છે, પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદાઓ થકી એ બાબત પણ સ્પષ્ટ કરેલ છે કે આરોપીએ પ્રોબેબલ ડીફેન્સ મુકવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલત '**Rohitbhai Jivanlal Patel v. State of Gujarat (AIR 2019 SC 1876)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ સબંધે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં ફરીયાદીની આવકના સ્ત્રોત સબંધેનો કોઈ પુરાવો ઉપલબ્ધ ન હોવાના કારણે તથા ચેકની જે એમાઉન્ટ હતી તે આરોપીને આપવામાં આવેલ રકમ કરતા ઓછી હતી અને બાકીની રકમ

અંગે કોઈ ખુલાસો રેકર્ડ પર ઉપલબ્ધ ન હતો તથા ફરીયાદીએ આરોપીને આપેલ રકમ અંગે કોઈ કાચી નોટ કે પ્રોમીસરી નોટ વિગેરે મેળવેલ ન હતી વિગેરે મુદાઓ આધારે ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવતો હુકમ કરેલ હતો, તે સંદર્ભે નામદાર કોર્ટે ઠરાવેલ છે કે આ કાયદા હેઠળની કાર્યવાહીમાં કલમ– ૧૩૯ નુ પ્રિઝમ્પ્શન છે તેથી આ બાબતો ફરીયાદીના પુરાવાનુ ખંડન કરવા માટે પર્યાપ્ત નથી.

(૭.૪) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત '**Saroj Kumar Poddar v. State (Govt of Nct of Delhi) (2007 (3) SCC 693)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પણ ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે કલમ– ૧૩૮ ના તત્વો એટલે કે કલમ– ૧૩૮ નો ગુન્હો પુરવાર કરવા માટે કઈ કઈ બાબતો આવશ્યક છે તેની નોંધ કરેલ છે. સમગ્રપણે આ તમામ ઓથોરીટીમાં નામદાર કોર્ટે ઠરાવેલ બાબતો અને કાયદાની જોગવાઈ ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે ચેકમાં રહેલ સહી આરોપીની હોવાનુ પુરવાર થયે તથા ચેક રીટર્ન થયાની પ્રોસેસ અને ત્યારબાદ આરોપીને નોટીસ પાઠવવામાં આવેલ હોવાનુ પુરવાર થયે તથા ચેક અન્ય તમામ રીતે વેલીડ હોવાનુ રેકર્ડ પર આવ્યે કલમ– ૧૩૯ નુ અનુમાન કરવાનુ રહે છે, જે અનુમાન કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સુધી વિસ્તરે છે અને તેના લીધે સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે. એ હકીકત છે કે આરોપી કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે આરોપીએ જાતે પુરાવો આપવો જરુરી નથી, તેઓ ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર આધાર રાખી શકે છે, પરંતુ તેના માટે **પ્રોબેબલ ડીફેન્સ રજુ થવો જરુરી છે.**

(૭.૫) ઉપરોકત કાયદાની જોગવાઈ તથા નામદાર કોર્ટના ચુકાદામાં ઠરાવેલ બાબતો નજર સમક્ષ રાખી ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરીએ. આ કામે ફરીયાદ હકીકતના સમર્થન માટે ફરીયાદીએ **આંક–૪ થી** સોગંદપર સરતપાસ રજુ કરેલ છે, જે ફરીયાદીનો મૌખીક પુરાવો છે, જેમાં ફરીયાદ હકીકત મુજબના કથનો છે. ફરીયાદ હકીકતની વિસ્તાર પુર્વકની નોંધ આ હુકમના પ્રથમ પેરામાં કરેલ છે આ સંજોગોમાં તેનુ રીપીટેશન યથાવત રીતે નહી કરતા માત્ર ટુંકમાં નોંધવામાં આવે તો, **ફરીયાદીએ સ્પષ્ટ પુરાવો આપેલ છે કે :** આરોપી એ ધંધાના કામે મશીનરી ખરીદવા માટે પૈસાની જરુરત હોય ફરીયાદી પાસેથી રકમ હાથ ઉછીની લીધેલ, જે જવાબદારી સંદર્ભે આરોપી એ વાદગ્રસ્ત ચેક ઈશ્યુ કરેલ હતો. **ધી.**

**નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૯ મુજબ ચેક દેવા અગર જવાબદારી ના સંદર્ભમાં મેળવવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવાનુ રહે છે.** ફરીયાદીના પુરાવા થકી એ બાબત પણ પુરવાર થયેલ છે કે ચેક અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં એ બાબત પણ પુરવાર થયેલ છે કે ચેક રીટર્ન થયા બાદ આરોપીને સમય મર્યાદામાં ધોરણસર ડીમાન્ડ નોટીસ આપવામાં આવેલ છે છતાં તેઓએ નોટીસ મુજબ કોઈ વર્તન કરેલ નથી અને લેણી રકમ વસુલ આપેલ નથી. ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ ના તમામ તત્વો ફરીયાદીના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા થકી આકર્ષાય છે. કલમ– ૧૩૯ ના અનુમાન સાથે આ બાબતો જોતા સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે પરંતુ આરોપી સદર પુરાવાનુ ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લઈ આવેલ નથી. આરોપી ને કેસના કામે પ્રોસેસની ધોરણસર બજવણી કરવામાં આવેલ છે, ધોરણસર પ્લી પણ રેકર્ડ કરવામાં આવેલ છે અને એ રીતે તેઓ જાણે છે કે તેઓ સામે આ કાર્યવાહી ચાલી રહેલ છે છતાં તેઓ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીના મૌખીક પુરાવાને તથા તેઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૬) **સમગ્ર પણે** જોવામાં આવે તો, આ કામે ફરીયાદ હકીકત મુજબની કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવી જવાબદારીના બદલામાં તકરારી ચેક આપવામાં આવેલા હોવાનુ તથા આ ચેક રીટર્ન થયા બાદ આરોપીને ધોરણસર ડીમાન્ડ નોટીસ આપવામાં આવેલ છતાં આરોપી એ સમય મર્યાદામાં લેણી રકમ વસુલ આપેલ નહી હોવાનુ પુરવાર થયેલ છે. આ સંજોગોમાં **આરોપી ને ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ ના ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે,** એ રીતે મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

સ્થળ : અમદાવાદ
તા.૦૭/૦૮/૨૦૨૫

દશરથસિંહ જાલમસિંહ પરમાર
૨૧માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪૮, અમદાવાદ શહેર

**(૭.૭)** **સજા સબંધે :–**

**(૭.૭.૧)** ઉપરોકત ચુકાદો જાહેર કરતા સમયે આરોપીની ગેરહાજરી છે, આરોપીને ખ્યાલ છે કે તેઓ સામે આ કાર્યવાહી આગળ ચાલી રહેલ છે છતાં તેઓ હાજર રહેતા નથી, તેથી કેટલી સજા કરવી જોઈએ તે સબંધે તેઓ તરફે કોઈ રજુઆત નથી. ફરીયાદી તરફે એવી રજુઆત છે કે આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા કરવી જોઈએ તથા વળતર માટે આદેશ કરવો જોઈએ.

**(૭.૭.૨)** આરોપીને ધી. નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવેલા છે, આ પ્રકારના ગુન્હાઓ હાલના સમયમાં વધુને વધુ પ્રમાણમાં બની રહેલ છે, આ કારણે જ કાયદામાં અમુક બાબતો અંગે પ્રિઝમ્પશન કરવા અંગે જોગવાઈ પણ કરવામાં આવેલ છે, હાથ પરના કામમાં આરોપીએ મોટી રકમના ચેક ફરીયાદીને આપેલ અને તે ચેક રીટર્ન થયેલ છે, વધુમાં ત્યારબાદ નોટીસ આપ્યા પછી પણ આરોપી એ ફરીયાદીના લેણા નાણા ચુકવી આપેલા નથી, વધુ અગત્યની બાબત એ છે કે કેસના કામે ટ્રાયલ દરમ્યાન હાજર રહેવા માટે પણ આરોપી એ તસ્દી લીધેલ નથી. હાલના યુગમાં કે જયારે લોકો પોતાનો મહંતમ નાણાકીય વ્યવહાર નેટબેંકીંગ, ચેક, વટાઉખત, ક્રેડીટકાર્ડ, ડ્રાફ્ટ વિગેરેથી કરતા થયા છે ત્યારે આ ઈન્સ્ટ્રુમેન્ટ પ્રત્યે લોકોનો ભરોસો ટકી રહે તે જરુરી છે, પોતાના ખાતામાં ભંડોળ નહી હોવા છતાં ચેક આપવાનુ કૃત્ય લોકોના આવા ઈન્સ્ટ્રુમેન્ટ પ્રત્યેના ભરોસાને તોડે છે, તેથી આ પ્રકારના ગુન્હાને સહજ રીતે ન લઈ શકાય તે સ્પષ્ટ છે. આ સંજોગોમાં કેદ ની સજા સાથે વળતરનો પણ આદેશ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયીક હોવાનુ જણાય છે. જેથી મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**<u>મુદા નં. ૨ ::–</u>**

**:: હુકમ ::**

૧. આરોપી **રતનસિંહ ગોપાલસિંહ સોલંકી,**ને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૨૫૫(૨) અન્વયે **ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮** ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને **એક વર્ષની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કો.કલમ–૩૫૭(૩) મુજબ આરોપીએ ફરીયાદીને વળતર પેટે રકમ **રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રુપીયા એક લાખ પુરા)** ખાસ વળતર તરીકે ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

૩. વળતરની રકમ આરોપીએ દિવસ–૩૦ માં કોર્ટમાં જમા કરાવવાની રહેશે, આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ રહે તો તે બદલ વધુ **બે માસની સાદી કેદ**ની સજા કરવામાં આવે છે.

૪. આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરેલ છે તેથી સજા વોરંટ ભરતા પહેલા આરોપી ની **ધરપકડ માટેનુ વોરંટ** પ્રથમ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

૫. ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૩૬૩(૧) મુજબ હુકમની એક નકલ વિનામુલ્યે આરોપી ને આપવી જરુરી હોય આરોપીની અટક થયે તેઓને આ ચુકાદાની એક નકલ વિનામુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

૬. આરોપીના અગાઉના જામીન તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.

**તા. ૦૭/૦૮/૨૦૨૫** **(દશરથસિંહ જાલમસિંહ પરમાર)**

૨૧માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૪૮, અમદાવાદ શહેર

**જી.જે.૦૧૧૭૧**